"જાગો, ઉઠો, વિરમો નહિ, સાધ્યો આશય ના જ્યાં સુધી"


# સમસ્ત શ્રીગૌડ સમાજનું મુખપત્ર


**તંત્રી મંડળ**
પ્રિ. ડૉ. બંસીધર ઉપાધ્યાય
જીજ્ઞેશ બી. પંડિત
યોગેશ કે. શુકલ
ભરત એસ. શુકલ
કૌશિક એચ. પાઠક

અંક - ડીસેમ્બર-૨૦૧૫

પ્રમુખ : અનિલ એસ. દવે   તંત્રી : ભાવિન આર. શુકલ   સંપાદક : હસિત એચ. પાઠક


॥ શ્રી મહાલક્ષ્મ્યૈ નમઃ ॥



# સફળતા માટે જરૂરી છે એક મજબૂત ટીમ

કામએકલા પણ કરી શકાય છે અને સમૂહ (ટીમ) સાથે મળીને પણ કરી શકાય છે. પરંતુ કેટલાંક કામએવાં હોય છે જે બધાનો સાથ લીધા વિના સંભવ નથી હોતાં. કારણ કે વ્યક્તિ એક જ હોય છે અને જો તેણે એક જ સમયે અનેક કામ કરવાનાં હોય, તો તે સંપન્ન કરવા માટે તેને એક સારી ટીમ આવશ્યક છે. એક સારી ટીમ કોઈ પણ સંસ્થાની ઊંચાઈઓને શિખર સુધી પહોંચાડી શકે છે. ટીમ બિલ્ડિંગ માટે ટીમલીડરની જરૂર હોય છે. તેના માધ્મથી જ આ ટીમ બિલ્ડિંગનું કાર્ય શરૂ થાય છે, બાકી બધા તેના સહયોગી હોય છે.

ભલે ને ટીમબિલ્ડિંગમાં લીડરની મુખ્ય ભૂમિકા હોય છે. પરંતુ કોઈપણ કાર્યની સફળતાનું શ્રેય આખી ટીમને મળે છે. કારણ કે કાર્ય બધા હળી-મળીને પુરું કરે છે, કોઈક વધારે કાર્ય કરે છે, તો કોઈક ઓછું કાર્ય કરે છે. પરંતુ કાર્ય કરનાર વ્યક્તિઓનું કાર્ય પ્રત્યેનું સમર્પણ જ કાર્યને સફળ બનાવે છે.

કોઈ પણ સંસ્થાનાં કાર્યોની સફળતા માટે ટીમબિલ્ડિંગ બહુ જરૂરી છે તેની શરૂઆત સંસ્થાની ટોચથી થાય છે. ત્યાર પછી નીચેની કક્ષાઓને અને સભ્યોને પસંદ કરવામાં આવે છે. ભલે ને ટીમનાં વિભિન્ન પદો અને તેના ચયનિત સભ્યોનું મહત્ત્વ અલગ અલગ હોય છે, પરંતુ ટીમના તમામ સભ્યોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોય છે. જો કોઈ પણ પોતાના કાર્યમાં બેદરકારી દાખવે છે કે નિષ્ક્રિયતા બતાવે છે, તો તેનો પ્રભાવ કાર્ય પર અવશ્ય પડે છે. એટલા માટે એ જરૂરી છે કે ટીમના સભ્યોને સમયાંતરે પ્રશિક્ષણ આપવામાં આવે, ટીમની અંદર ઉત્સાહ જગાવવાનો અને કાર્ય પ્રત્યે સમર્પણ ભાવ ઉત્પન્ન કરવાનો પણ ઉચિત પ્રયાસ થાય.

ટીમવર્ક વખતે સભ્યોમાં પરસ્પર સામંજસ્ય, તાલમેળ અને વિશ્વાસ હોવાનું બહુ જરૂરી છે. તેના અભાવે ટીમની અંદર લડાઈ-ઝઘડા અને પરસ્પરમાં પણ હરીફાઈનો ભાવ વિકસે છે અને તેનો પ્રભાવ ટીમના પ્રદર્શન પર પડે છે.

એટલા માટે જ જરૂરી છે કે ટીમના તમામ સભ્યો એક-બીજા પર ભરોસો રાખે. સમયાંતરે પોતાની કાર્યકુશળતાની પ્રામાણિકતા પ્રસ્તુત કરે અને પોતાની ઊણપોને સુધારે, તેને દૂર કરે. જો તેમનામાં સહયોગની ભાવના ન હોય, કાર્યની સફળતાનું શ્રેય બીજાને આપવાને બદલે ખુદ પોતે જ લેવાનો ભાવ હોય તો એવી સંસ્થા વધારે ઉન્નતિ-પ્રગતિ કરી શક્તી નથી.

આવા ટીમની સફળતા આધાર રાખે છે તેના સભ્યોની કાર્યશૈલી પર. એટલા માટે ટીમના સભ્યોનું પોતાના કાર્યમાં કુશળ અને યોગ્ય હોવાનું બહુ જરૂરી છે. તદુપરાંત, તેમણે પોતાની યોગ્યતા વધારવા માટે પણ પ્રયાસ કરવા જોઈએ, તેના આધારે તેઓ બીજી જવાબદારીઓ ઉપાડી શકે છે અને કોઈ સભ્યોની ગેરહાજરીમાં તેનો કાર્યભાર પણ સંભાળી શકે છે.

એક મજબૂત ટીમના સભ્યોની અંદર પોતાનાં કાર્ય અને પરિણામ પ્રત્યે સકારાત્મક દષ્ટિકોણ હોય છે, એક ભરોસો હોય છે પોતાની ટીમ પર કે તે કંઈ પણ કરી શકે છે. આવી મજબૂત ટીમમાં જો કોઈ સભ્ય નબળો પડે છે તો પણ ટીમના બીજા સભ્યો તેને સંભાળી લે છે અને તેની નબળાઈ દૂર કરવાના યોગ્ય પ્રયાસ કરે છે. એક મજબૂત ટીમ કોઈ પણ કાર્ય પુરું કરવામાં સક્ષમ અને સમર્થ હોય છે, ભલે ને તેના સભ્યોની સંખ્યા ઓછી હોય, પરંતુ તેમની ક્ષમતા અને સામર્થ્યને જાણીને તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

ભરતભાઈ એસ. શુક્લ

## સમાચાર સંચય

(૧) "મહાલક્ષ્મી ધામ-શહેરા" ના શ્રીગૌડ બ્રાહ્મણ પંચના સૌજન્યથી પ્રમુખશ્રી જીજ્ઞેશભાઈ એસ. પાઠકના અધ્યક્ષપણા હેઠળ તા. ૨૮-૦૪-૨૦૧૬ ને ગરૂવારના રોજ સમસ્ત બ્રાહ્મણ જ્ઞાતિના બટુકો ને 'સમૂહ યજ્ઞોપવિત' આપવાનું આયોજન કરેલ છે. જેમાં બટુકોને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે. આગળના દિવસે તા. ૨૭-૪ ના રોજ કલ્ચરલ પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવેલ છે જે અંગેનાફોર્મ હવે પછી ના જાગૃતિના અંકમાં છાપવામાં આવશે. વધુ માહીતી માટેશ્રી જીજ્ઞેશભાઈ પાઠક- મો. ૭૫૭૫૦૬૪૮૫૬ નો સંપર્ક કરવા વિનંતી.

(૨) શ્રીગૌડ સાડત્રીસ સમાજ દ્વારા ૨૫મો 'ઈનામ વિતરણ, સ્નેહમિલન તથા વાર્ષિક સાધારણ સભા' તા. ૨૦-૧૨-૨૦૧૫ ને રવિવારના રોજ વડોદરા મુકામે યોજવામાં આવેલ હતો. તેમાં સમારંભના પ્રમુખ પદે શ્રી નલીનભાઈ હરિશભાઈ દીક્ષીત (મુંબઈ) મુખ્ય મહેમાન પદે શ્રી શૈલેશભાઈ કે. મહેતા (માજી ડે. મેયર, વડોદરા શહેર), અતિથી વિશેષ પદે શ્રી કનકભાઈ સી. પાઠક (ઉપપ્રમુખ સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત) તથા કુ. સંવિદાબેન પૂષ્કરભાઈ પંડ્યા (સોફટવેર એન્જી.) બિરાજમાન હતા આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રીજનો હાજર રહી પ્રસંગને દીપાવ્યો હતો.

આ પ્રસંગે જ્ઞાતીના વડીલોનો 'અમૃતપર્વ નીમીતે' ૭૫ લોકોનું સન્માન કરવામાં આવેલ હતું. તેમજ જ્ઞાતીજન ડૉક્ટર્સ નું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ દિવસે સમાજને રૂ. ૧,૭૦,૦૦૦ જેટલું માતબર દાન સમાજને મળેલ છે.

(૩) સમસ્ત શ્રીગૌડ સમાજ વડોદરાના ઉપક્રમે છઠ્ઠું જીવન સાથી પસંદગી સંમેલન તા. ૦૩-૦૧-૨૦૧૬ ને રવિવારના રોજ વડોદરા મુકામે યોજવામાં આવેલ હતું. જેમાં કુલ ૧૨૮ લગ્નવાંચ્છુંક યુવક-યુવતીઓ એ ભાગ લીધો હતો. આ સંમેલનના મુખ્ય મહેમાન તરીકે શ્રી ધ્રુવભાઈ જોષી તથા અતિથી વિશેષ તરીકે પ્રિ.ડૉ. બંસીધર એન. ઉપાધ્યાય (વાઈસ પ્રેસીડન્ટ, સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત) તથા શ્રી ભાનુભાઈ જે. પંડ્યા (ભૂત પૂર્વ મંત્રીશ્રી સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત) બિરાજમાન હતા.

## સલાહકાર સમિતીના સભ્યો

૧. શ્રી હરિપ્રસાદભાઈ એમ. જોષી - લુણાવાડા
૨. ડૉ અનંતભાઈ આર. શુક્લ - અમદાવાદ
૩. શ્રી ગીરીશભાઈ બી. શુક્લ - અમદાવાદ
૪. શ્રી જયંતભાઈ બી. પાઠક - અમદાવાદ
૫. શ્રી મધુકરભાઈ એમ. ધ્રુવ - અમદાવાદ
૬. ડૉ. શીલીનભાઈ એન. શુક્લ - અમદાવાદ
૭. શ્રી દિલીપભાઈ એસ. શુક્લ - વિરપુર
૮. શ્રી બિધાનભાઈ દવે - અમદાવાદ
૯. શ્રી અશ્વિનભાઈ કે. દવે - અમદાવાદ
૧૦. ડૉ. સુરેશભાઈ એસ. પાઠક - શહેરા

## મંત્રીશ્રીનો અહેવાલ

સમાજના કારોબારી સભ્યો, એડવાઈઝરી કમિટિ તથા શ્રીગૌડ જાગૃતિ તંત્રીમંડળના સભ્યોની મિટિંગ તા. ૨૭-૧૨-૨૦૧૫ ને રવિવારે "હોટલ એપીટોમ," કેડિલાબ્રીજ પાસે, અમદાવાદ ખાતે મળેલ હતી. જેમાં કારોબારીના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

મિટિંગની શરૂઆત કુળદેવી શ્રી મહાલક્ષ્મી માતાજીનો દિપ પ્રાગટ્ય તથા સ્તવન ગાનથી કરવામાં આવેલ. શ્રી જીગ્નેશભાઈ એસ. પાઠક દ્વારા સમાજને મિટિંગ માટે શ્રી મહાલક્ષ્મી માતાનો ફોટો સ્ટેન્ડ સાથે ભેટ આપવામાં આવ્યો હતો. અને દરેક મીટીંગની શરૂઆત દિપ પ્રાગટ્ય તથા સ્તુતી કરીને ચાલુ કરવી તેવું નક્કી કરવામાં આવ્યું.

સમાજ દ્વારા આગામી તા. ૨૧-૦૨-૨૦૧૬ ને રવિવારના રોજ જીવનસાથીપસંદગી સંમેલન અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે તેના કન્વીનર શ્રી કનકભાઈ પાઠક દ્વારા તેનો પ્રગતિનો અહેવાલ સભ્યોને આપેલ તથા તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ હતી.

અંતમાં મિટિંગના યજમાન પ્રમુખ શ્રી અનિલભાઈ દવે દ્વારા મહાલક્ષ્મી માતાજીની આરતી ઉતારી મીટીંગનું સમાપન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સમાજની ભવન કમિટિ ના સભ્યો તથા કારોબારી સભ્યો, પ્રમુખશ્રી અનિલભાઈ દવે દ્વારા દરખાસ્ત કરેલ ભવન માટેની જમીન જોવા માટે ગયા હતા. પૂરંતુ તે અમદાવાદ થી ઘણી દૂર લાગતા તે જમીન ના લેવી તેવું સર્વાનુમતે નક્કી થયેલ. પરંતુ તેનાથી સમાજ માટે ભવન બનાવવું તેવો સંકલ્પ પ્રમુખશ્રી તથા સભ્યોની પ્રતિબધ્ધતા પૂરવાર કરે છે.

જયંત જોષી
મંત્રી

કૌશિક પાઠક
મંત્રી

## 'જીવનસાથી પસંદગી સંમેલન'

હાલની તનાવ અને ભાગદોડભરી જીંદગીમાં વ્યસ્ત રહેલા વ્યક્તિને પોતાના પુત્ર / પુત્રી ના લગ્ન માટે યોગ્ય પાત્રની શોધ કરવી અઘરી બનતી જાય છે. બદલાતા જતા સમયમાં પોતાના વિચારોને પણ પરિવર્તિત કરીને સમાજના વિડિલોએ પોતાના લગ્ન ઉત્સુક યુવક-યુવતિઓને તેઓની પસંદગી મુજબ જીવનસાથીમળી રહે તે માટે જાગૃત થવું જરૂરી છે. તેથી એક સાથે એક કરતાં વધુ પાત્રો એકજ સમયે પસંદગી માટે મળી રહે તે માટે "સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત" ધ્વારા તા. ૨૧-૦૨-૨૦૧૬ ને રવિવારના રોજ સવારે ૯ કલાકે થી ઉન્નતિ વિદ્યાલય, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ ખાતે જીવનસાથી પસંદગી સંમેલન નું આયોજન કરેલ છે. સમાજના વધુને વધુ લોકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના સંતાનોની વિગતો ચોકસાઈ પૂર્વક ભરીને ફોર્મ સમયસર પહોંચતા થાય તે માટેની કાળજી રાખી જીવનસાથી પસંદગી સંમેલનને બહોળી સફળતા અપાવે તેવી આગ્રહભરી વિનંતી છે. સંમેલનનું પ્રવેશ ફોર્મ આ અંકમાં પણ પ્રકાશીત કરવામાં આવેલ છે જેનો પણ ઉપયોગ થઈ શકશે. લગ્નમેળાની પુસ્તિકામાં જાહેરાત, શુભેચ્છા સંદેશ આપી/અપાવી સમાજના પૂણ્યકાર્ય માં સહભાગી બનો

અનિલ એસ. દવે
પ્રમુખ

કૌશિક પાઠક
મંત્રી

કનકભાઈ પાઠક
કન્વીનર

॥ શ્રી મહાલક્ષ્મ્યૈ નમ્ે: ॥

Reg. No.: A/3352/Ahmedabad



# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

કાર્યાલય : ૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી, વિભાગ-૩, જુની પાઈલોટ ડેરી રોડ, કાંકરિયા, અમદાવાદ.

**અનિલ એસ. દવે, પ્રમુખ** | **કૌશિકભાઈ પાઠક, મંત્રી** | **કનકભાઈ પાઠક, કન્વીનર**

તા. / /૨૦૧૫

## પ્રથમ જીવનસાથી પસંદગી સંમેલન

**પ્રવેશ ફોર્મ**

☐ યુવક / યુવતી ☐ ફોર્મ નંબર :

ઉમેદવારનું પુરૂ નામ : ____________________

પિતાનું પુરૂ નામ : ____________________

સરનામું : ____________________

____________________

પીનકોડ ________ મોબાઈલ નં.: ________ ફોન નં.: ________

જન્મ તારીખ ________ જન્મ સમય : ________ જન્મ સ્થળ : ________

અભ્યાસ : ____________________

અપરણિત / છુટાછેડા / વિધવા-વિધુર: ________ વ્યવસાય : ________ માસિક આવક : ________

સંસ્થાનું નામ : ________ હોદ્દો : ________

પેટાજ્ઞાતિ : ________ મૂળ વતન : ________ ગોત્ર : ________

ઉંચાઈ : ________ વજન : ________ કુંડળીમાં શનિ / મંગળ : ________


નાડી : ________ નક્ષત્ર ચરણ સાથે : ________ ગણ : ________

ચશ્મા છે કે નથી : ________ ખોડખાંપણ : ________

કૌટુંબિક માહિતી : ________ ભાઈ : ________ બહેન : ________

ઉમેદવારનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવો.

બીજો ફોટો પાછળ નામ તથા ફોર્મ નંબર લખીને સ્ટેપલર પીન મારીને લગાવવો.




વાલીની/ઉમેદવારની સહી

**રોકડા/ચેક/ડ્રાફ્ટ નં.......................... તા. .........................નો ............................ બેંકનો મળેલ છે.**

**નાણાં લેનારનું નામ :........................................................... તા. ...........................**

- - - - - - - - - - - - - - - - - - - - - - - -

### સુચના

ફોર્મ નંબર :-

૧. સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત દ્વારા આયોજીત આ પ્રથમ જીવનસાથી પસંદગી સંમેલન તમામ જ્ઞાતીના બ્રાહ્મણો માટે છે.
૨. ઉમેદવાર ની નોંધણી ફી, પુસ્તિકા ફી, બે વાલી સહિત ભોજન તથા ચ્હા સાથેની કુલ ફી રૂા. ૫૦૦/- રાખેલ છે.
૩. એક વ્યક્તિના બીજા સંતાન માટે વધારાના રૂ.૩૦૦/- છે.
૪. નોધણી ફીનો ચેક / ડ્રાફ્ટ **"સમસ્ત શ્રીગૌડ સમાજ"** ના નામનો પેયેબલ એટ અમદાવાદ મોકલવો.
૫. આ સંમેલન **તા. ૨૧-૦૨-૨૦૧૬ ને રવિવાર સવારે ૯ કલાકે ઉન્નતિ વિદ્યાલય, મહાલક્ષ્મી ચાર રસ્તા પેટ્રોલ પંપ સામે, પાલડી, અમદાવાદ ખાતે રાખેલ છે.**
૬. ફોર્મમાં સંપૂર્ણ માહિતી સુડોળ અને સ્વચ્છ અક્ષરોમાં ભરવી, છાપકામની ભૂલમાં સમાજની જવાબદારી રહેશે નહી.
૭. પરિચય પુસ્તીકામાં જણાવેલી માહીતીની ચકાસણી જે તે ઉમેદવાર / વાલીએ જાતે કરવાની રહેશે, સમાજની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી.
૮. સવારના ચા-નાસ્તાનો સમય ૧૧.૦૦ સુધીનો જ રહેશે જેની નોંધ લેશોજી.
૯. ફોર્મ મોકલવાની છેલ્લી **તા. ૦૫-૦૨-૨૦૧૬** છે ત્યારબાદ કોઈના ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.
૧૦. પ્રવેશ ફોર્મ પાછળ જણાવેલ સ્થળ ઉપર અથવા કાર્યાલયના સરનામે મોકલવાના રહેશે.
૧૧. ઉમેદવારે પોતાનો પરિચય આપવાનો રહેશે જ. (૧૨.) જે ઉમેદવાર પોતાની વિગત હાઈલાઈટ કરવા માંગતા હોય તેમણે રૂા. ૩૦૦/- વધારાના આપવાના રહેશે.
૧૩. ઉમેદવાર પોતાની વિગત એડવર્ટાઈઝ રૂપે આપી શકશે.

- - - - - - - - - - - - - - - - - - - - - - - -

### પાવતી

શ્રી ____________________ તરફથી પ્રથમ જીવનસાથી સંમેલનની પ્રવેશ ફીના રૂા. ________

રોકડા/ચેક/ડ્રાફ્ટ નં. .......................... તા ........................ નો બેંકનો ........................................... મળેલ છે.

નાણાં લેનારનું નામ ................................................ નાણાં લેનારની સહી ......................... તા. ..................

### ફોર્મ નીચેના સરનામે મોકલવા

| | | |
|---|---|---|
| **અનિલ એસ. દવે - પ્રમુખ**<br>એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ)<br>બી-૫, ૬ ગ્રીન વિલા બંગ્લોઝ,<br>સીમ્સ હોસ્પીટલ રોડ, સાયન્સ સીટી,<br>અમદાવાદ. મો.: ૯૮૨૫૩૪૬૪૭૦ | **કૌશિકભાઈ પાઠક - મંત્રી**<br>એ-૧, ઉદય ફ્લેટ, નીરવ ફ્લેટની સામે,<br>શાંતિવન, નારાયણનગર રોડ,<br>પાલડી, અમદાવાદ-૭.<br>મો.: ૯૦૯૯૯૦૫૬૨૧ | **કનકભાઈ પાઠક - કન્વીનર**<br>૩૦૩, દેવ આશિષ ફ્લેટ,<br>નાનુભાઈ સર્કલ, દેવ કોમ્પ્લેક્ષ પાછળ,<br>ગૌત્રી મેઈન રોડ, વડોદરા.<br>મો.: ૯૬૦૧૦૦૧૧૧૯ |

| | |
|---|---|
| **દક્ષેશભાઈ પુરોહીત**<br>૧૯, કાશીન્દ્રા સોસાયટી, દેવભૂમી નગર ૧, પરિમલ વિદ્યાલય પાસે,<br>વલ્લભ પાર્ક, ડિ કેબીન, સાબરમતી, અમદાવાદ-૧૯. મો.: ૯૮૭૯૭૧૦૦૮૯ | **પુષ્પેશભાઈ કે. પાઠક**<br>વીરૂ મેડીકેર, જી-૧૦, જયદિપ ટાવર, શ્રેયસ રેલ્વે ક્રોસિંગ પાસે,<br>ધરણીધર દેરાસર પાસે, પાલડી, અમદાવાદ-૭. મો.: ૯૮૨૪૦૨૩૫૫૪ |

- - - - - - - - - - - - - - - - - - - - - - - -

### ફોર્મ મેળવવા માટે સંપર્ક નંબર

| નામ | સ્થળ | ફોન / મોબાઈલ | નામ | સ્થળ | ફોન / મોબાઈલ |
|---|---|---|---|---|---|
| શ્રી રાજેન્દ્રભાઈ દવે | અમદાવાદ | ૯૮૯૮૦૮૮૫૪૩ | શ્રી જીજ્ઞેશભાઈ પાઠક | શહેરા | ૯૪૦૮૭૬૪૮૫૬ |
| શ્રી જયંતભાઈ જોષી | ગાંધીનગર | ૯૬૦૧૯૯૫૫૬૭ | શ્રીમતી તરલીકાબેન શુક્લ | લુણાવાડ | ૯૪૨૭૬૧૯૫૨૧ |
| શ્રી જીજ્ઞેશભાઈ પંડિત | અમદાવાદ | ૯૦૯૯૦૨૯૦૭૯ | શ્રી જનકભાઈ પાઠક | લુણાવાડા | ૯૪૦૮૭૬૪૮૫૬ |
| શ્રીમતી અમીતાબેન એમ. શુક્લ | અમદાવાદ | ૯૯૨૫૦૧૩૨૭૨ | શ્રી મહેશભાઈ ભટ્ટ | લુણાવાડા | ૯૪૨૮૫૫૦૩૬૦ |
| મીતુ શુક્લ | વડોદરા | ૦૨૬૫-૨૯૭૯૧૪૧ | શ્રી તેજલભાઈ પંડ્યા | નડીયાદ | ૯૪૨૭૫૪૮૪૯૧ |
| શ્રી અશોકભાઈ ઉપાધ્યાય | વડોદરા | ૯૮૭૯૭૫૨૫૧૯ | શ્રી જીતેન્દ્રભાઈ ઉપાધ્યાય | સેવાલીયા | ૯૮૨૪૧૬૮૧૧૭ |
| શ્રી કિરીટભાઈ આર. દવે | વડોદરા | ૯૯૭૯૮૭૯૬૭૨ | શ્રી પરીમલભાઈ ડી. પાઠક | ગોધરા | ૯૪૨૬૫૯૫૦૦૧ |
| શ્રી કેતનભાઈ ત્રિવેદી | ઉમરેઠ | ૯૮૨૪૪૦૪૨૬૬ | શ્રી વિનાયકભાઈ શુક્લ | ગોધરા | ૯૪૨૮૭૮૧૯૯૯ |
| શ્રી દિપકભાઈ શુક્લ | મુંબઈ | ૦૯૮૭૦૧૪૦૫૩૦ | શ્રી જયેશભાઈ ભટ્ટ | રાજકોટ | ૯૯૦૯૯૨૫૫૧૪ |
| શ્રી સર્વાંગભાઈ જોષી | ખંભાત | ૯૮૭૯૮૯૩૧૦૧ | શ્રી નિરંજનભાઈ શુક્લ | સુરત | ૮૯૮૦૧૪૪૬૫૫ |
| શ્રી દિલીપભાઈ પાઠક | ભરૂચ | ૯૪૨૭૧૧૦૪૯૩ | | | |

## શ્રધ્ધાંજલિ ભેટ - સાભાર સ્વીકાર

- ૫૦૦-૦૦ સ્વ. વિષ્ણુપ્રસાદ અંબાલાલ શુક્લ ના સ્મરણાર્થે શ્રધ્ધાંજલિ ભેટ
  ભરત એસ. શુક્લ તરફથી
- ૫૦૦-૦૦ સ્વ. હરિપ્રસાદ અનોપરામ પુરોહીતના સ્મરણાર્થે શ્રધ્ધાંજલિ ભેટ
  હેમંતભાઈ એચ. પુરોહીત તરફથી
- ૫૦૦-૦૦ સ્વ. ભાનુમતીબેન હરિપ્રસાદ પુરોહીતના સ્મરણાર્થે શ્રધ્ધાંજલિ ભેટ
  હેમંતભાઈ એચ. પુરોહીત તરફથી
- ૫૦૦-૦૦ સ્વ. હિનાબેન દિલીપભાઈ પાઠક ના સ્મરણાર્થે શ્રધ્ધાંજલિ
  દીલીપભાઈ એન. પાઠક - ભરૂચ તરફથી

## શ્રદ્ધાંજલિ



વિષ્ણુભાઈ એ. શુક્લ
સ્વ. તા. ૨૯-૦૯-૨૦૦૬



હરિપ્રસાદ એ. પુરોહિત
સ્વ. તા. ૨૧-૦૭-૨૦૦૭



ભાનુમતી એચ. પુરોહિત
સ્વ. તા. ૦૯-૦૪-૨૦૦૪



હીનાબેન ડી. પાઠક
સ્વ. તા. ૧૬-૧૧-૨૦૧૫

## અવસાન નોંધ

૧. શહેરાના વતની ધવલ પક્ષના શ્રી સરસ્વતીચંદ્ર અંબાલાલ દવે નું તા. ૨૦-૧૨-૨૦૧૫ ના રોજ અમદાવાદ મુકામે અવસાન થયેલ છે.

૨. ગોધરાના વતની ધવલ પક્ષના શ્રી નટવરલાલ જગન્નાથ શુક્લ (શ્રીશિવ રહસ્યમ ગ્રંથના રચયીતા) નું તા. ૨૬-૧૨-૨૦૧૫ ના રોજ અમદાવાદ મુકામે અવસાન થયેલ છે.

૩. ખંભાત નિવાસી શ્રી મધુકરભાઈ નટવરલાલ ભટ્ટ (ખંભાત નગરપાલીકાના પૂર્વ ચીફ ઓફીસર) નું ૭૫ વર્ષની ઉમરે ખંભાત મૂકામે તા. ૨૮-૧૨-૨૦૧૫ ના રોજ અવસાન થયેલ છે.

૪. કાશ્મીરીયા પક્ષના શહેરાના વતની સૌ.વિરબાળાબેન દેવેન્દ્રપ્રસાદ પાઠકનું તા. ૨૮-૧૨-૨૦૧૫ના રોજ અમદાવાદ મુકામે ૮૨ વર્ષની જૈફ વયે અવસાન થયેલ છે.

૫. શ્રી હરેશભાઈ મણીભાઈ ભટ્ટ નું અવસાન તા. ૩૦-૧૦-૨૦૧૫ ના રોજ લુણાવાડા મુકામે થયેલ છે.

૬. અમુલભાઈ તથા પરેશભાઈ ના માતૃશ્રી ઉર્મીલાબેન જયતકુમાર દવેનું તા. ૨૯-૧૨-૨૦૧૫ ના રોજ વડોદરા મુકામે અવસાન થયેલ છે.

૭. ખંભાત જબુસર પક્ષના શ્રી મનોજભાઈ (સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના કારોબારી સભ્ય) તથા બંકિમભાઈના માતૃશ્રી ચંદ્રિકાબેન ધનંજયભાઈ શુક્લનું અવસાન તા. ૦૩-૦૧-૨૦૧૬ ના રોજ અમદાવાદ મુકામે થયેલ છે.

૮. ધવલ પક્ષના અમદાવાદ સ્થિત સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાતના કારોબારી સભ્યશ્રી હેતલભાઈ રમેશચંદ્ર શુક્લના પુત્ર જયનું દુઃખદ અવસાન તા. ૧૧-૦૧-૨૦૧૬ ના રોજ થયેલ છે.

૯. કાંકણપુરના વતની કાશ્મીરીયા પક્ષના શ્રી દિનુભાઈ એ. શાસ્ત્રીનું મુંબઈ ખાતે તા.: ૨૦-૧૨ ૨૦૧૫ ના રોજ અવસાન થયેલ છે.

૧૦. સાડત્રીસ પક્ષના પેટલાદ નિવાસી પ્રફુલ્લાબેન રજનીકાન્ત દવેનું અવસાન થયેલ છે.

**પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને શાંતિ અર્પે.**

## સુજ્ઞ જ્ઞાતિ જનોને વિનંતિ

નીચેના સભ્યોના સરનામામાં ફેરફાર હોવાથી જાગૃતિના અંકો પરત આવેલ છે. તો તેમના સગા-સબંધીઓને નમ્ર વિનંતિ કે તેઓના નવા સરનામાં પીનકોડ નંબર સાથે કાર્યાલયમાં મોકલી આપવા.

| ગ્રાહક નંબર | વિગત | |
|---|---|---|
| ૧૩૦ | જટાશંકર અંબાલાલ ભટ્ટ | મણીનગર |
| ૧૭૨ | વિરેન્દ્ર છોટાલાલ પંડયા | વીરપુર |
| ૧૭૭ | બાકેશભાઈ ઈન્દ્રવદન દવે | ઈસનપુર |
| ૨૦૧ | ભાસ્કરભાઈ નવનીતલાલ ભટ્ટ | ભાવનગર |
| ૨૪૦ | અંબાલાલ મુળજીભાઈ પંડયા | વિરપુર |
| ૨૪૭ | કીરીટભાઈ સી. જોષી | વડોદરા |
| ૨૫૬ | વિરેન્દ્રભાઈ એસ. શુકલ | સુરત |
| ૨૬૬ | મયુરભાઈ એન. દવે | કુણી |
| ૩૦૭ | પ્રદ્યુમન બદ્રીનાથ જોષી | લુણાવાડા |
| ૪૦૭ | ભોગીલાલ નંદલાલ શુકલ | અમદાવાદ |
| ૪૬૦ | રાજેન ભગવતીભાઈ દેસાઈ | ભરૂચ |
| ૪૬૪ | દર્શનભાઈ ગુણવંતભાઈ પંડયા | માતર |
| ૪૮૫ | વિનોદચંદ્ર એસ. શુકલ | વડોદરા |
| ૫૫૫ | શ્યામસુંદર એસ. જોષી | લુણાવાડા |
| ૫૭૧ | અશ્વિનકુમાર એન. ઠાકોર | અમદાવાદ |
| ૬૩૦ | દિપક ઠાકોરલાલ દવે | અમદાવાદ |
| ૬૪૮ | કમલેશ એસ. જોષી | અમદાવાદ |
| ૬૯૩ | પિયુષ નરેન્દ્ર જોષી | અમદાવાદ |
| ૭૪૭ | બિલેશ્વર એ. જોષી | અમદાવાદ |
| ૮૨૩ | સ્મીતા રંજનકુમાર ભટ્ટ | અમદાવાદ |
| ૮૪૨ | સંદિપ ગીરીશભાઈ શુકલ | ગોધરા |
| ૮૯૪ | ભીખાલાલ મણીલાલ સુકલ | સાઠંબા |
| ૯૫૫ | પ્રણવ ગીરીશભાઈ ભટ્ટ | અમદાવાદ |
| | ડૉ. નીરવભાઈ એચ. જોષી | વડોદરા |
| | નીતીનકુમાર રસીકલાલ પાઠક | વડોદરા |
| | મીનાબેન નરેન્દ્રભાઈ પુરોહિત | હિંમતનગર |
| | કમલેશ વિષ્ણુપ્રસાદ જોષી | બાયડ |
| | હેતલકુમાર એચ. પંડયા | ખારાઘોડા-નવાગામ |

**પ્રકાશક અને મુદ્રક :**
સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી
ભરત એસ. શુક્લ
C/o શ્રી કિરણભાઈ વી. દવે
૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી, વિભાગ-૩,
જૂની પાઈલોટ ડેરી પાસે, કાંકરીયા,
અમદાવાદ-૩૮૦૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૫૩૦૧૦
આજીવન સભ્ય ફી : ૨૦૧/- પતિ-પત્નિ સાથે રૂા. ૩૦૧/-
પરદેશમાં રૂા. ૨૫૦૦/-




બુક પોસ્ટ

**પ્રતિ,**

Ghn/1038/1038-A/1039/1040

Shri JAYANT GAJENDRABHAI JOSHI
Plot No. 415/2, Sector-3/B
GANDHINAGAR. 382 006.